નં. જીઆઈડીસી/એન્જી/મુઈ/મહેકમ/ ૯૮
તા. ૨૪/૧૦/૨૦૨૫

# -// પરિપત્ર //-

વિષય :- નિગમની ઈજનેરી કામગીરી અંગે સત્તા સોંપણી બાબત.

સંદર્ભ :- નિગમની ૫૨૨ મી સભાના ઠરાવ ક્રમાંક : ૬૫/ઈજનેર/૫૨૨, તા.૨૯/૦૮/૨૦૨૫.

નિગમની ૫૨૨ મી સભાના ઠરાવ ક્રમાંક ૬૫/ઈજનેર/૫૨૨, તા.૨૯/૦૮/૨૦૨૫ થી નિગમની ઈજનેરી કામગીરી અંગે આ સાથે સામેલ પત્રક મુજબ સુધારેલ સત્તા સોંપણી મંજૂર કરવાનું ઠરાવવામાં આવેલ છે, જેનું તાત્કાલીક અસરથી અમલીકરણ કરવાનું રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જી.આઈ.ડી.સી., ગાંધીનગર

બિડાણ :- નિગમની ૫૨૨મી સભાના ઠરાવ ક્રમાંક : ૬૫/ઈજનેર/૫૨૨/૨૦૨૫ સાથેનું પત્રક.

પ્રતિ,
નિગમના તમામ ઈજનેરી અધિકારીશ્રીઓ તથા હિસાબી અધિકારીશ્રીઓ ... તરફ જાણ તથા અમલીકરણ સારૂં.

રવાના કર્યું,

જનરલ મેનેજર ગ્રેડ-૧ (મહેકમ)
જી.આઈ.ડી.સી. ગાંધીનગર

## વહીવટી મંજુરી અંગે અધિકારીશ્રીઓ / કમિટીને સત્તા સોંપણી બાબત.

| અનુ. ક્રમ. | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવેલ હોય તે સત્તાધિકારી / કમિટી | સોંપેલ સત્તાનો વ્યાપ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ઈજનેરી કામો માટે મૂળ તથા સુધારેલ વહીવટી મંજુરી આપવાની સત્તા. | બોર્ડ | સંપુર્ણ સત્તા | (૧) બોર્ડ સમક્ષ મૂળ વહીવટી મંજૂરી મેળવવા માટે રજૂ થતા તમામ કામો માટે ટેકનીકલ એડવાઈઝરી કમીટી (TAC)ની ભલામણ અચૂક મેળવવાની રહેશે.<br><br>(૨) નિગમના કેપીટલ કામો :-<br><br>(૨.૧) નિગમના કેપીટલ કામોમાં (જે કામોનો ખર્ચ જે તે વસાહતની ફાળવણી કિંમત નક્કી કરવામાં ગણતરીમાં લેવાનો હોય તેમજ જે કામો નો ખર્ચ કેપીટલ કન્ટ્રીબ્યુશનથી વસૂલવાનો હોય તેવા કામોને "કેપીટલ કામો" ગણવાના રહેશે.) જો કોઈ કારણસર ખરેખર થવાપાત્ર કૂલ ખર્ચ મેળવેલ કૂલ વહીવટી મંજૂરી કરતા વધી જતો હોય તો તેવા કિસ્સામાં અગાઉથી સુધારેલ વહીવટી મંજૂરી અચૂક મેળવવાની રહેશે. અત્રે એ સ્પષ્ટતા કરવામાં આવે છે કે જે કિસ્સામાં કૂલ વહીવટી મંજૂરીની રકમનું અલગ અલગ ઘટકોની સામે વિભાજન કરેલ હોય ત્યારે જો કોઈ |
| | | ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક તથા ચેરમેનની કમિટી | રૂ.૨૫.૦૦ કરોડ સુધી. | |
| | | ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક | રૂ.૧૫.૦૦ કરોડ સુધી. | |
| | | મુખ્ય ઇજનેર | રૂ.૩.૦૦ કરોડ સુધી. | |
| | | નાયબ મુખ્ય ઇજનેર | - | |
| | | અધિક્ષક ઇજનેર (સીવીલ) | રૂ.૬૦.૦૦ લાખ સુધી. | |

| | | | | |
|---|---|---|---|---|
| | | અધિક્ષક ઇજનેર (ઇલે.મીકે.) | રૂ.૪૫.૦૦ લાખ સુધી. | કારણોસર કોઈ ઘટકની વહીવટી મંજૂરીમાં દર્શાવેલ રકમ કરતા તે ઘટક સામે ખરેખર થવા પાત્ર ખર્ચની રકમ વધી જતી હોય પરંતુ અન્ય કોઈ ઘટકની વહીવટી મંજૂરીમાં દર્શાવેલ રકમ કરતા તે ઘટક સામે થવાપાત્ર ખર્ચની રકમમાં બચત રહેવાને લીધે તમામ ઘટકોનો થવાપાત્ર કૂલ ખર્ચ વહીવટી મંજૂરીની કૂલ રકમની મર્યાદામાં રહેતો હોય તો સુધારેલ વહીવટી મંજૂરી મેળવવાની રહેશે નહી, પરંતુ આવા કિસ્સામાં વહીવટી મંજૂરીની કૂલ રકમ રૂ.૩.૦૦ કરોડ સુધીની હોય ત્યારે આ પ્રકારનો ઘટકોની રકમમાં થતો વધારો મંજૂર કરવાની સત્તા મુખ્ય ઈજનેરને તથા વહીવટી મંજૂરીની કૂલ રકમ રૂ.૩.૦૦ કરોડથી વધારે હોય ત્યારે આ પ્રકારનો ઘટકોની રકમમાં થતો વધારો મંજૂર કરવાની સંપૂર્ણ સત્તા ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને રહેશે.<br>(૨.૨) નિગમના કેપીટલ કામો માટે જ્યારે વહીવટી મંજૂરી મેળવતા પહેલા પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ /માસ્ટર કન્સલ્ટન્ટ/ વિવિધ પ્રકારના સર્વે માટે એજન્સી / વિવિધ પ્રકારના પરીક્ષણો માટે એજન્સીની નિમણૂક કરવાની હોય ત્યારે આ પ્રકારની નિમણૂક કરવાથી લઈ તેને સંલગ્ન ખર્ચ કરવા સુધીની તમામ કામગીરી માટેની સૈદ્ધાંતિક મંજૂરી અગાઉથી ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી પાસેથી મેળવવાની રહેશે. તથા આ પ્રકારના કામો માટે થયેલ તમામ ખર્ચનો જે તે કેપીટલ કામની વહીવટી મંજૂરીની રકમમાં સમાવેશ કરી જેમને વહીવટી મંજૂરી આપવાની સત્તા સોંપેલ હોય તેમની પાસેથી આખરી વહીવટી મંજૂરી મેળવવાની રહેશે. |

(૩) ડીપોઝીટ વર્ક :-

નિગમ દ્વારા કરવાના થતા ડીપોઝીટ વર્કનાં કિસ્સામાં વહીવટી મંજૂરી જે તે એકમે/મંડળે આપવાની રહેશે, પરંતુ તે કામ કરવા અંગેની મંજૂરી નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક પાસેથી અચૂક મેળવવાની રહેશે. ડીપોઝીટ વર્કનાં કિસ્સામાં જે તે પાર્ટી પાસેથી નિગમના જે તે સમયે પ્રવર્તમાન નિયમોનુસાર લાગુ પડતાં એજન્સી ચાર્જીસ સહીત કામના કૂલ અંદાજીત ખર્ચની રકમ નિગમમાં અગાઉથી જમા લીધા બાદ જ તાંત્રિક મંજૂરી તથા ટેન્ડરની કાર્યવાહી કરવાની રહેશે.

તેમજ આ પ્રકારના કામો માટે નીચે મુજબના સંજોગોમાં આગાઉથી સુધારેલ વહીવટી મંજૂરી મેળવવાની રહેશે તથા તે મુજબના ખર્ચની રકમ પણ અગાઉથી નિગમમાં જમા લેવાની રહેશે.

- જો કોઈ કારણથી ખરેખર થવાપાત્ર ખર્ચ એકમ/મંડળ પાસેથી મેળવેલ વહીવટી મંજૂરી તથા તેઓ દ્વારા જમા કરાવેલ રકમથી વધી જતો હોય.
- જે કિસ્સામાં કૂલ વહીવટી મંજૂરીની રકમનું અલગ અલગ ઘટકોની સામે વિભાજન કરેલ હોય ત્યારે જો કોઈ કારણોસર કોઇ ઘટકની વહીવટી મંજૂરીમાં દર્શાવેલ રકમ કરતા તે ઘટક સામે ખરેખર થવા પાત્ર ખર્ચની રકમ વધી જતી હોય પરંતુ અન્ય કોઈ ઘટકની વહીવટી મંજૂરીમાં દર્શાવેલ રકમ કરતા તે ઘટક સામે થવાપાત્ર ખર્ચની રકમમાં બચત રહેવાને લીધે તમામ ઘટકોનો થવાપાત્ર કૂલ ખર્ચ વહીવટી મંજૂરીની કૂલ રકમની

| | | | | |
|---|---|---|---|---|
| | | | | મર્યાદામાં રહેતો હોય તો પણ અગાઉથી સુધારેલ વહીવટી મંજૂરી અચૂક મેળવવાની રહેશે.<br><br>**<u>(૪) સંપૂર્ણ પણે સરકારશ્રી (કેન્દ્ર સરકાર / રાજ્ય સરકાર) તરફથી મળતા અનુદાન/સહાય થી કરવાના થતા કામો :-</u>**<br>નિગમે દ્વારા કરવાના થતા જે કામો સંપૂર્ણ પણે સરકારશ્રી (કેન્દ્ર સરકાર / રાજ્ય સરકાર) તરફથી મળતા અનુદાન/સહાય થી કરવાના થતા હોય તેવા કામો માટે મળેલ મંજૂરી પત્રને વહીવટી મંજૂરી ગણવાની રહેશે. તેમજ આ પ્રકારના કામો માટે નીચે મુજબના સંજોગોમાં આગાઉથી સુધારેલ વહીવટી મંજૂરી મેળવવાની રહેશે.<br>• જો કોઈ કારણથી ખરેખર થવાપાત્ર ખર્ચ મેળવેલ કૂલ વહીવટી મંજૂરીની રકમથી વધી જતો હોય.<br>• જે કિસ્સામાં કૂલ વહીવટી મંજૂરીની રકમનું અલગ અલગ ઘટકોની સામે વિભાજન કરેલ હોય ત્યારે જો કોઈ કારણોસર કોઈ ઘટકની વહીવટી મંજૂરીમાં દર્શાવેલ રકમ કરતા તે ઘટક સામે ખરેખર થવા પાત્ર ખર્ચની રકમ વધી જતી હોય પરંતુ અન્ય કોઈ ઘટકની વહીવટી મંજૂરીમાં દર્શાવેલ રકમ કરતા તે ઘટક સામે થવાપાત્ર ખર્ચની રકમમાં બચત રહેવાને લીધે તમામ ઘટકોનો થવાપાત્ર કૂલ ખર્ચ વહીવટી મંજૂરીની કૂલ રકમની મર્યાદામાં રહેતો હોય તો પણ અગાઉથી સુધારેલ વહીવટી મંજૂરી અચૂક મેળવવાની રહેશે. |

(૫) સરકારશ્રી (કેન્દ્ર સરકાર / રાજ્ય સરકાર) તરફથી અંશતઃ અનુદાન/સહાય મળવાની હોય તેવા કામો :-

કામો માટે સરકારશ્રી (કેન્દ્ર સરકાર / રાજ્ય સરકાર) તરફથી અંશતઃ અનુદાન/સહાય મળવાની હોય ત્યારે મળેલ મંજૂરી પત્ર ઉપરાંત બાકીની રકમ/ અમુક રકમ જો નિગમે ભોગવવાની થતી હોય તો તે રકમ માટે નિગમની સતા સોંપણી અનુસાર સક્ષમ સત્તાધિકારી/કમિટી પાસેથી અચૂક વહીવટી મંજૂરી મેળવવાની સહેશે, અને/અથવા જો બાકીની રકમ/અમુક રકમ જે તે ઔદ્યોગીક વસાહતના એકમો પાસેથી વસૂલ કરવાની હોય તો તેવા કિસ્સામાં જે તે ઔદ્યોગિક વસાહત મંડળની સંમતી અચૂક મેળવવાની રહેશે. તેમજ આ પ્રકારના કામો માટે નીચે મુજબના સંજોગોમાં આગાઉથી સુધારેલ વહીવટી મંજૂરી અને/અથવા જે તે ઔદ્યોગિક વસાહત મંડળની સુધારેલ સંમતી મેળવવાની રહેશે.

- જો કોઈ કારણથી ખરેખર થવાપાત્ર ખર્ચ મેળવેલ કૂલ વહીવટી મંજૂરીની રકમથી વધી જતો હોય.
- જે કિસ્સામાં કૂલ વહીવટી મંજૂરીની રકમનું અલગ અલગ ઘટકોની સામે વિભાજન કરેલ હોય ત્યારે જો કોઈ કારણોસર કોઈ ઘટકની વહીવટી મંજૂરીમાં દર્શાવેલ રકમ કરતા તે ઘટક સામે ખરેખર થવા પાત્ર ખર્ચની રકમ વધી જતી હોય પરંતુ અન્ય કોઈ ઘટકની વહીવટી મંજૂરીમાં દર્શાવેલ રકમ કરતા તે ઘટક સામે થવાપાત્ર ખર્ચની રકમમાં બચત

રહેવાને લીધે તમામ ઘટકોનો થવાપાત્ર કૂલ ખર્ચ વહીવટી મંજૂરીની કૂલ રકમની મર્યાદામાં રહેતો હોય તો પણ અગાઉથી સુધારેલ વહીવટી મંજૂરી અને/અથવા જે તે ઔદ્યોગિક વસાહત મંડળની સુધારેલ સંમતી અચૂક મેળવવાની રહેશે.

(૬) નિગમના મરામત તથા જાળવણીનાં કામો :-

નિગમના મરામત તથા જાળવણીનાં કામો માટે વહીવટી મંજૂરીની આવશ્યકતા નથી, પરતું નાણાકીય જોગવાઈ હોવી જરૂરી છે. (જેવીકે સર્વિસ ચાર્જ, વોટર ચાર્જ, ડ્રેનેજ સેસ મારફત વસૂલાત.) નિગમ હસ્તકના મરામત તથા જાળવણીનાં કામો જેવાકે વસાહતની સાફસફાઈ, પ્રી-મોન્સૂન એક્ટીવીટી, પાણી પુરવઠા પ્રણાલીનું સંચાલન, જાળવણી તથા મરામત (દરીયાઈ પાણીના શુદ્ધીકરણ પ્લાન્ટ, સંપ તથા ઈ.એસ.આર., પાઈપલાઈન નેટવર્ક વગેરે સહીત), ગંદા પાણીના નીકાલ માટેની વ્યવસ્થાનું સંચાલન, જાળવણી તથા મરામત (સી.ઈ.ટી.પી., એસ.ટી.પી., ઈ.ટી.પી., સંપ, કલેક્શન વેલ, ગાર્ડ પોન્ડ, પાઈપલાઈન નેટવર્ક વગેરે સહીત), સ્ટ્રીટલાઈટોનું સંચાલન, જાળવણી તથા મરામત, પમ્પિંગ મશીનરીનું સંચાલન, જાળવણી તથા મરામતના કામો માટે જે તે ઔદ્યોગિક વસાહત મંડળની સંમતી મેળવવાની જરૂર નથી.

આ સિવાયના નિગમના મરામત તથા જાળવણીનાં કામો માટે જે તે ઔદ્યોગિક વસાહત મંડળની સંમતી અચૂક મેળવવાની રહેશે. તેમજ જે તે ઔદ્યોગિક વસાહત મંડળની સંમતી મેળવી

| | | | | |
|---|---|---|---|---|
| | | | | કરવાના થતાં કામો માટે નીચે મુજબના સંજોગોમાં અગાઉથી જે તે ઔદ્યોગિક વસાહત મંડળની સુધારેલ સંમતી અચૂક મેળવવાની રહેશે.<br>• જો કોઈ કારણથી ખરેખર થવાપાત્ર ખર્ચ મેળવેલ કૂલ વહીવટી મંજૂરીની રકમથી વધી જતો હોય.<br>• જે કિસ્સામાં જે તે ઔદ્યોગિક વસાહત મંડળની સંમતીની કૂલ રકમનું અલગ અલગ ઘટકોની સામે વિભાજન કરેલ હોય ત્યારે જો કોઈ કારણોસર કોઈ ઘટકની સંમતીમાં દર્શાવેલ રકમ કરતા તે ઘટક સામે ખરેખર થવા પાત્ર ખર્ચની રકમ વધી જતી હોય પરંતુ અન્ય કોઈ ઘટકની સંમતીમાં માં દર્શાવેલ રકમ કરતા તે ઘટક સામે થવાપાત્ર ખર્ચની રકમમાં બચત રહેવાને લીધે તમામ ઘટકોનો થવાપાત્ર કૂલ ખર્ચ સંમતીની કૂલ રકમની મર્યાદામાં રહેતો હોય તો પણ અગાઉથી જે તે ઔદ્યોગિક વસાહત મંડળની સુધારેલ સંમતી અચૂક મેળવવાની રહેશે. |

નિગમની ૫૨૨ મી સભાના ઠરાવ ક્રમાંક : ૬૫ /ઇજનેર/૫૨૨/૨૦૨૫ સાથેનું પત્રક.

## વહીવટી મંજૂરી સિવાય અન્ય બાબત અંગે તાંત્રિક અધિકારીશ્રીઓને સત્તા સોંપણી બાબત.

| અનુ. ક્રમ. | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવી હોય તે સત્તાધિકારી / કમિટી | સોંપેલ સત્તાનો વ્યાપ. | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ઈજનેરી કામો માટે મૂળ અને સુધારેલ અંદાજને તાંત્રિક મંજુરી આપવાની સત્તા. | મુખ્ય ઇજનેર | સંપૂર્ણ સત્તા. | (૧) રૂ.૫૦.૦૦ કરોડથી વધુ રકમના મૂળ તથા સુધારેલ અંદાજોને તાંત્રિક મંજૂરી આપતા પહેલા નિગમની પ્રોજેક્ટ કમિટી (PC) સમક્ષ તાંત્રિક ચકાસણી અર્થે અચૂક રજૂ કરવાના રહેશે, તથા પ્રોજેક્ટ કમીટીની તાંત્રિક મંજૂરી આપવાની ભલામણ મળ્યા બાદ જ મુખ્ય ઈજનેરે આવા અંદાજોને તાંત્રિક મંજૂરી આપવાની રહેશે.<br><br>(૨) તાંત્રિક મંજૂરી મેળવેલ વહીવટી મંજૂરી / સુધારેલ વહીવટી મંજૂરીની મર્યાદામાં જ આપી શકાશે. જ્યારે કૂલ વહીવટી મંજૂરી સામે અલગ અલગ પાર્ટ તાંત્રિક મંજૂરી આપવાની થાય ત્યારે તમામ પાર્ટ તાંત્રિક મંજુરીની કૂલ રકમ વહીવટી મંજૂરી / સુધારેલ વહીવટી મંજૂરીની મર્યાદામાં જ રહે તેનું ચોક્કસ પણે ધ્યાન રાખવાનું રહેશે.<br><br>(૨) જે સત્તાધિકારીને જેટલી રકમ સુધી તાંત્રિક મંજુરી આપવાની સત્તા સોંપાવામાં આવેલ છે, તે સત્તાધિકારીને તેટલી રકમ સુધીના ડ્રાફ્ટ ટેન્ડર પેપર્સ (ડી.ટી.પી.) મંજૂર કરવાની સતા રહેશે. |
| | | નાયબ મુખ્ય ઇજનેર | રૂ.૬.૦૦ કરોડ સુધી. | |
| | | અધિક્ષક ઇજનેર (સીવીલ) | રૂ.૫.૦૦ કરોડ સુધી. | |
| | | અધિક્ષક ઇજનેર (ઇલે.મીકે.) | રૂ.૨.૦૦ કરોડ સુધી. | |
| | | કાર્યપાલક ઈજનેર (સીવીલ) | રૂ.૧.૦૦ કરોડ સુધી. | |
| | | કાર્યપાલક ઈજનેર (ઈલે.મીકે.) | રૂ.૨૫.૦૦ લાખ સુધી. | |

| અનુ. ક્રમ. | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવી હોય તે સત્તાધિકારી / કમિટી | સોંપેલ સત્તાનો વ્યાપ. | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | (૩) ઈજનેરી કામોને સંલગ્ન પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ /માસ્ટર કન્સલ્ટન્ટ/ વિવિધ પ્રકારના સર્વે માટે એજન્સી / વિવિધ પ્રકારના પરીક્ષણો માટે એજન્સી તથા થર્ડ પાર્ટી ક્વોલીટી એસયોરન્સ એજન્સી (TPQA) માટે તાંત્રિક મંજૂરીના બદલે સ્કોપ ઓફ વર્ક મંજૂર કરવાનો રહેશે, જેની સંપૂર્ણ સત્તા મુખ્ય ઇજનેરને રહેશે. તથા આ પ્રકારના કામોના ડ્રાફ્ટ ટેન્ડર પેપર્સ (ડી.ટી.પી.) મંજૂર કરવાની સત્તા અધિક્ષક ઇજનેરને રહેશે. |
| ૨ | ટેન્ડર સ્વીકારવાની તથા ટેન્ડર સ્વીકૃતિમાં અંદાજીત રકમ ઉપરનો વધારો મંજૂર કરવાની સત્તા. | ટેન્ડર કમિટી<br><br>ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક | સંપુર્ણ સત્તા<br><br>(૧) રૂ.૧૦.૦૦ કરોડ સુધીની અંદાજીત રકમ સુધી સંપૂર્ણ સત્તા.<br>(૨) ઈજનેરી કામોને સંલગ્ન પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ/ માસ્ટર કન્સલ્ટન્ટન/ વિવિધ પ્રકારના સર્વે માટે એજન્સી / વિવિધ પ્રકારના પરીક્ષણો માટે એજન્સી/ થર્ડ પાર્ટી ક્વોલીટી એસયોરન્સ એજન્સી (TPQA)ના ટેન્ડરો સ્વીકારવાની/Empanelment મંજૂર કરવાની સંપૂર્ણ સત્તા. | (૧) ટેન્ડર સ્વીકૃતિ સંબંધમાં નિર્ણય પરિબળ ટેન્ડરમાં મુકેલ કામની દર્શાવેલ અંદાજીત રકમ છે.<br><br>(૨) નિગમના કેપીટલ કામોના ટેન્ડર સ્વીકૃતીના કિસ્સામાં ટેન્ડર કમિટીએ તથા ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક તેઓની સત્તા મર્યાદામાં આવતુ ટેન્ડર ઊંચું ભરાઈને આવવાથી જો ટેન્ડરની રકમ (જો તબક્કા વાર કે એક સાથે જુદા જુદા ટેન્ડરો કરી કામો હાથ ધરેલ હોય તો જે તે તબક્કે સ્વીકૃતિ હેઠળના ટેન્ડરની રકમ ઉપરાંત તે તમામ કામોનો તથા સદર વહીવટી મંજૂરી પૈકી કરેલ અન્ય કોઈ પણ ખર્ચનો સમાવેશ કરી ખરેખર |

નિગમની ૫૨૨ મી સભાના ઠરાવ ક્રમાંક : ૬૫ /ઇજનેર/૫૨૨/૨૦૨૫ સાથેનું પત્રક.

| અનુ. ક્રમ. | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવી હોય તે સત્તાધિકારી / કમિટી | સોંપેલ સત્તાનો વ્યાપ. | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ | ૫ |
| | | મુખ્ય ઇજનેર | જે માટે સુધારેલ વહીવટી મંજુરીની જરૂર ન હોય તેવા રૂ.૪.૦૦ કરોડ સુધીની અંદાજીત રકમના કામનું ટેન્ડર જ્યારે કામની અંદાજીત રકમ કરતા વધુમાં વધુ ૧૦ % ઊંચાની મર્યાદામાં હોય. | થવાપાત્ર કૂલ ખર્ચની રકમ) કૂલ વહીવટી મંજૂરીની રકમ કરતા વધી જતી હોય તો પણ તે કામ માટે ખરેખર થવા પાત્ર કૂલ ખર્ચને ધ્યાને લઇ જરૂરિયાત જણાય તો સક્ષમ કક્ષાએથી સુધારેલ વહીવટી મંજૂરી અચૂક મેળવવાની શરતે સ્વીકારી શકશે.<br><br>(3) ટેન્ડર સ્વીકારનાર તમામ સત્તાધીકારીશ્રીઓ / ટેન્ડર કમીટીએ તેમને સોંપેલ સત્તા અનુસાર જે ટેન્ડર સ્વીકારવાનું હોય તે અંગે યોગ્ય રીતે ભરેલા એકથી વધુ ટેન્ડરો મેળવેલા હોવા જોઇએ. જો માત્ર એક જ ટેન્ડર ભરાઈને આવ્યું હોય અથવા તો માત્ર એક જ બિડર ક્વોલીફાય થતો હોય તો ટેન્ડર મંગાવનાર સત્તાધિકારીએ તેને રદ કરવાનું રહેશે તથા ટેન્ડર પુનઃમંગાવવાનું રહેશે. જો પુનઃમંગાવવામાં આવેલ ટેન્ડરમાં પણ એકજ ટેન્ડર ભરાઈને આવે અથવા તો માત્ર એક જ બિડર ક્વોલીફાય થાય તો તે સિંગલ ટેન્ડર ખોલીને આવું ટેન્ડર જો વાજબી ભાવ વાળુ હોય તેવા સંજોગોમાં ટેન્ડર મંજુર કરવા બાબતે વિચારણા કરવાની રહેશે અને તે સ્વીકારવુ યોગ્ય જણાતું હોય તો જેને ટેન્ડર સ્વીકારવાની સત્તા હોય તેનાથી ઉપરના અધિકારીને સ્વીકૃતિ અર્થે મોકલવાનું રહેશે, પરંતુ |
| | | અધિક્ષક ઇજનેર (સીવીલ) / (ઇલે.મીકે) | જે માટે સુધારેલ વહીવટી મંજુરીની જરૂર ન હોય તેવા રૂ.૨.૦૦ કરોડ સુધીની અંદાજીત રકમના કામનું ટેન્ડર જ્યારે કામની અંદાજીત રકમ કરતા વધુમાં વધુ ૭.૫ % ઊંચાની મર્યાદામાં હોય. | |
| | | કાર્યપાલક ઇજનેર (સીવીલ) / (ઇલે.મીકે.) | જે માટે સુધારેલ વહીવટી મંજુરીની જરૂર ન હોય તેવા રૂ.૫૦.૦૦ લાખ સુધીની અંદાજીત રકમના કામનું ટેન્ડર જ્યારે કામની અંદાજીત રકમ કરતા વધુમાં વધુ ૫.૦ % ઊંચાની મર્યાદામાં હોય. | |

| અનુ. ક્રમ. | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવી હોય તે સત્તાધિકારી / કમિટી | સોંપેલ સત્તાનો વ્યાપ. | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | ટેન્ડર કમીટી તથા ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક ને આ પ્રકારના પુન:મંગાવેલ સિંગલ ટેન્ડર તેઓને સોંપેલ સત્તા મર્યાદામાં સ્વીકારવાની સંપુર્ણ સત્તા રહેશે.<br>આ ઉપરાંત ટેન્ડર કમીટી તથા ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક તેઓની સત્તા માર્યાદામાં આવતા અને પ્રથમ વાર મંગાવેલ ટેન્ડર માટે જો એક જ ટેન્ડર ભરાઈને આવ્યું હોય અથવા તો માત્ર એક જ બીડર ક્વોલીફાય થતો હોય તો પણ વિશિષ્ટ સંજોગો, જેવાકે કુદરતી આપતી, અને તાકીદની પરિસ્થિતિમાં માંગેલ ટેન્ડરમાં પુરતા કારણો તેમજ અભિપ્રાય સાથે સિંગલ ટેન્ડર સ્વીકારી શકશે. |
| 3 | ટેન્ડરની આઇટમોના જથ્થામાં વધારો કે ઘટાડો. | મુખ્ય ઇજનેર | સુધારેલ વહીવટી મંજૂરી મેળવવી ન પડે ત્યાં સુધીની સંપૂર્ણ સત્તા. | (૧) સુધારેલ વહીવટી મંજૂરી મેળવવી પડે તેવા કિસ્સામાં પ્રથમ જેમને સુધારેલ વહીવટી મંજૂરી આપવાની સત્તા સોંપાવામાં આવેલ છે એમની પાસેથી સુધારેલ વહીવટી મંજૂરી મેળવ્યા બાદ જેમને ટેન્ડરની આઇટમોમાં જથ્થામાં વધારો મંજૂર કરવાની સત્તા છે તેમણે તે મંજૂર કરવાનું રહેશે.<br>(૨) ટેન્ડરની આઇટમોના જથ્થામાં વધારા માટે સક્ષમ અધિકારી પાસેથી અગાઉથી મંજૂરી મેળવ્યા બાદ જ તે કામગીરી કરવાની રહેશે. |
| | | અ.ઇ. (સી/ઇલે/મીકે.) | સુધારેલી વહીવટી મંજૂરી મેળવવી ન પડે ત્યાં સુધી સ્વીકારાયેલ ટેન્ડરનાં ૭.૫૦% ની મર્યાદા સુધીની સત્તા.<br>(કુલ જથ્થા વધારાની રકમ રૂ.૨૫.૦૦ લાખ સુધી.) | |
| | | કા.ઇ. (સી/ઇલે/મીકે.) | સુધારેલી વહીવટી મંજૂરી મેળવવી ન પડે ત્યાં સુધી સ્વીકારાયેલ ટેન્ડરનાં ૫.૦૦% ની મર્યાદા | |

નિગમની ૫૨૨ મી સભાના ઠરાવ ક્રમાંક : ૬૫ /ઇજનેર/૫૨૨/૨૦૨૫ સાથેનું પત્રક.

| અનુ. ક્રમ. | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવી હોય તે સત્તાધિકારી / કમિટી | સોંપેલ સત્તાનો વ્યાપ. | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | સુધીની સત્તા. (કુલ જથ્થા વધારાની રકમ રૂ.૧૦.૦૦ લાખ સુધી.) | |
| ૪ | ટેન્ડરમાં ન હોય તેવી વધારાની આઇટમ. | મુખ્ય ઇજનેર | સુધારેલ વહીવટી મંજુરી મેળવવી ન પડે ત્યાં સુધીની સંપુર્ણ સત્તા. | (૧) સુધારેલ વહીવટી મંજૂરી મેળવવી પડે તેવા કિસ્સામાં પ્રથમ જેમને સુધારેલ વહીવટી મંજૂરી આપવાની સત્તા સોંપવામાં આવેલ છે એમની પાસેથી સુધારેલ વહીવટી મંજૂરી મેળવ્યા બાદ જેમને ટેન્ડરની આઇટમોમાં જથ્થામાં વધારો મંજૂર કરવાની સત્તા છે તેમણે તે મંજૂર કરવાનું રહેશે.<br>(૨) ટેન્ડરમાં ન હોય તેવી વધારાની આઇટમ માટે સક્ષમ અધિકારી પાસેથી અગાઉથી મંજૂરી મેળવ્યા બાદ જ તે કામગીરી કરવાની રહેશે. |
| | | અ.ઇ. (સી/ઇલે/મીકે.) | સુધારેલ વહીવટી મંજુરી મેળવવી ન પડે ત્યાં સુધી રૂ.૨.૦૦ લાખ સુધી દરેક આઈટમ દીઠ એ શરતે કે સ્વીકારાયેલ ટેન્ડરના ૭.૫ % ની મર્યાદા સુધી. | |
| | | કા.ઇ. (સી/ઇલે/મીકે.) | સુધારેલ વહીવટી મંજુરી મેળવવી ન પડે ત્યાં સુધી રૂ.૧.૦૦ લાખ સુધી દરેક આઈટમ દીઠ એ શરતે કે સ્વીકારાયેલ ટેન્ડરના ૫.૦ % ની મર્યાદા સુધી. | |
| ૫ | તાંત્રિક મંજુરી માટે ભાગલા પાડવાની સત્તા. | મુખ્ય ઇજનેર | સંપુર્ણ સત્તા | કોઈ પણ કામ માટે જો મૂળ વહીવટી મંજૂરીની સામે પાર્ટ તાંત્રિક મંજૂરી આપવાની થાય તો પ્રથમ મુખ્ય ઈજનેરની મંજૂરી મેળવવાની રહેશે. જે કિસ્સામાં તાંત્રિક મંજૂરીની સત્તા પ્રોજેકટ કમિટી કે મુખ્ય ઈજનેરને હોય ત્યારે સદર બાબત લાગુ પડશે નહી. |

| અનુ. ક્રમ. | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવી હોય તે સત્તાધિકારી / કમિટી | સોંપેલ સત્તાનો વ્યાપ. | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | સમયમર્યાદા વધારી આપવાની સત્તા. | મુખ્ય ઇજનેર | સંપૂર્ણ સત્તા | |
| | | અ.ઇ. (સી/ઇલે./મીકે) | (૧) કરારનામાં મંજુર કરવાની સત્તા મર્યાદામાં કરારનામા અંગે મૂળ સમયમર્યાદાના ૫૦% સુધી સમયમર્યાદા વધારવાની સત્તા.<br>(૨) અન્ય કામો માટે મૂળ સમયમર્યાદાના ૧૦% સુધી સમયમર્યાદા વધારવાની સત્તા. | |
| | | કા.ઇ. (સી/ઇલે./મીકે) | કરારનામાં મંજુર કરવાની સત્તા મર્યાદામાં કરારનામાના અંગે મૂળ સમયમર્યાદાના ૫૦% સુધી મર્યાદા વધારવાની સત્તા. | |
| ૭ | કામની આંખરી માપો તથા માલસામાનના પુરવઠાના માપો લખવાની સત્તા. | ૧) એક વર્ષથી વધુ પરંતુ ત્રણ વર્ષથી ઓછી નોકરીવાળા મદદનીશ ઇજનેર | રૂ.૫.૦૦ લાખ સુધી. | (૧) જ્યારે મદદનીશ ઇજનેર / અધિક મદદનીશ ઇજનેરે લખેલ માપની કિંમત (આખરી કે વચગાળાના) રૂ.૨૦,૦૦૦/- થી વધુ હોય ત્યારે તે માપનાં ઓછામાં ઓછા ૫૦ % ની કિંમતના તથા દરેક આઈટમને આવરી લેવાય તે મુજબ નાયબ કાર્યપાલક ઈજનેરે એ માપો ટેસ્ટ ચેક કરવાના રહેશે.<br>(૨) રૂ.૧/- કરોડથી વધુ રકમના આખરી બિલના માપો નાયબ કાર્યપાલક ઈજનેરે લખવાના રહેશે.<br>(૩) નાયબ કાર્યપાલક ઈજનેરને વચગાળાના કે આખરી માપો લખવાની સંપૂર્ણ સત્તા રહેશે.<br>(૪) જ્યારે લખેલ માપની (આખરી કે વચગાળાના) કૂલ કિંમત |
| | | ૨) ત્રણ વર્ષથી વધુ નોકરીવાળા મદદનીશ ઇજનેર | રૂ.૧.૦૦ કરોડ સુધી. | |
| | | ૩) બે વર્ષથી વધુ ૫ વર્ષની નોકરીવાળા અધિક | રૂ.૧.૦૦ લાખ સુધી. | |

નિગમની ૫૨૨ મી સભાના ઠરાવ ક્રમાંક : ૯૫ /ઇજનેર/૫૨૨/૨૦૨૫ સાથેનું પત્રક.

| અનુ. ક્રમ. | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવી હોય તે સત્તાધિકારી / કમિટી | સોંપેલ સત્તાનો વ્યાપ. | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | મદદનીશ ઇજનેર | | રૂ.૭૫,૦૦૦/- થી વધે ત્યારે કાર્યપાલક ઈજનેરે કુલ રકમના ૧૦ % માપો ટેસ્ટ ચેક કરવાના રહેશે. જે પૈકી હિડન આઈટમોની (જેનુ ચેકીંગ પાછળથી ના થઈ શકે તેવી આઈટમો.) કૂલ રકમના ઓછામાં ઓછા ૧૦ % તથા કૂલ હિડન આઈટમોની સંખ્યાના ઓછામાં ઓછા ૫૦ % આઈટમો (જો ૫૦ % લેખે સંખ્યા ૦૩ કે તેનાથી ઓછી હોય તો તમામ આઈટમો) આવરી લેવાય તે રીતે ચેકીંગ કરવાનું રહેશે. તથા ઓપન આઈટમોની (જેનુ ચેકીંગ પાછળથી થઈ શકે તેવી આઈટમો.) કૂલ રકમના ઓછામાં ઓછા ૧૦ % આઈટમો જેમાં જૂદી જૂદી આઈટમો આવરી લેવાય તે રીતે ચેકીંગ કરવાનું રહેશે. |
| | | ૪) ૫ વર્ષથી વધુ નોકરીવાળા અધિક મદદનીશ ઇજનેર | રૂ.૧.૦૦ કરોડ સુધી. | |
| ૮ | કામના અને માલ સામાનના પુરવઠાના વચગાળાના માપો લખવાની સત્તા. | ૧) એક વર્ષથી વધુ નોકરીવાળા મદદનીશ ઇજનેર | સંપૂર્ણ સત્તા. | |
| | | ૨) એક વર્ષથી વધુ નોકરીવાળા અધિક મદદનીશ ઇજનેર | રૂ.૨૦ લાખ સુધી. | |
| | | (૩) પાંચ વર્ષથી વધુ નોકરીવાળા અધિક મદદનીશ ઇજનેર | સંપૂર્ણ સત્તા. | |
| ૯ | ઈજનેરી (તાંત્રિક) બાબતો માટે હુકમો, સૂચનાઓ જારી કરવાની તથા આખરી નિર્ણય લેવાની સત્તા. | મુખ્ય ઈજનેર | સંપૂર્ણ સત્તા | |

| અનુ. ક્રમ. | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવી હોય તે સત્તાધિકારી / કમિટી | સોંપેલ સત્તાનો વ્યાપ. | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧૦ | જ્યારે કોઈ કામનું ટેન્ડર મંજુર થયા બાદ કામની શરુઆત ના થઈ શકી હોય અથવા કામ શરુ કર્યા બાદ અધૂરૂ / અંશત: પુર્ણ થયા બાદ આગળ કરી શકાય તેમ ના હોય તેવા કિસ્સામાં જ્યારે કોન્ટ્રાક્ટર સદર બાબતે કોઈપણ રીતે સંપૂર્ણ કે અંશત: જવાબદાર ના હોય તેવા કિસ્સામાં કોન્ટ્રાક્ટરને છૂટા કરવાની સત્તા. | મુખ્ય ઈજનેર | સંપૂર્ણ સત્તા | |
| ૧૧ | સીક્યોરીટી ડીપોઝીટ જમા કરવામાં | ઉપાધ્યક્ષ અને વહિવટી સંચાલક | સંપુર્ણ સત્તા | |

નિગમની ૫૨૨ મી સભાના ઠરાવ ક્રમાંક : ૬૫ /ઇજનેર/૫૨૨/૨૦૨૫ સાથેનું પત્રક.

| અનુ. ક્રમ. | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવી હોય તે સત્તાધિકારી / કમિટી | સોંપેલ સત્તાનો વ્યાપ. | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | સામાન્ય દસ દિવસથી ઉપરનો વિલંબ કરેલ સમયગાળો મંજુર કરવાની સત્તા. | મુખ્ય ઇજનેર | ૩૦ દિવસ સુધી. | |
| | | અધિક્ષક ઇજનેર (સીવીલ) તથા (ઈલે.મીકે.) | ૨૦ દિવસ સુધી. | |
| | | કાર્યપાલક ઇજનેર (સીવીલ) તથા (ઈલે.મીકે.) | ૫ દિવસ સુધી. | |